મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૧૦.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલના આઠમા માળેથી વધુ એક દર્દીનો આપઘાત

વાવોલમાં રહેતો ૨૦ વર્ષીય યુવાન સાંજે હોસ્પિટલમાં દાખલ થયો અને વહેલી સવારે હોસ્પિટલ બિલ્ડીંગમાંથી છલાંગ મારી મોતને વ્હાલુ કરી દીધું : હોસ્પિટલમાં સન્નાટો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં દર્દીઓના આપઘાતના કિસ્સા વધી રહ્યા છે. તાજેતરમાં જ સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડિંગના સાતમાં માળેથી સેક્ટર-૬માં રહેતા યુવાન દર્દીએ છલાંગ લગાવીને આપઘાત કરી દીધો હતો. તે અગાઉ પણ આ પ્રકારે દર્દીઓએ આપઘાત કરી લીધા હોવાના પાંચેક કિસ્સા બની ચૂક્યા છે. દરમિયાન આજે વહેલી સવારે વધુ એક આવો કિસ્સો બનવા પામ્યો છે. વાવોલ ખાતે રહેતો ૨૦ વર્ષીય યુવાન ગઈકાલે સાંજે હોસ્પિટલમાં દાખલ થયો હતો અને આજે વહેલી સવારે હોસ્પિટલના આઠમાં માળેથી છલાંગ લગાવીને તેણે કોઈ કારણોસર મોતને વ્હાલું કરી દીધું હોવાની ઘટના બની છે. આ ઘટના અંગે સિક્યુરિટી સુપરવાઈઝર એ પોલીસને જાણ કરતા સેક્ટર-૭ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી યુવા દર્દીએ કરેલા આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં રહેતા ૨૦ વર્ષીય યુવાન અજયભાઈ ગોસ્વામીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવી બિલ્ડિંગના આઠમાં માળેથી આજે વહેલી સવારે છલાંગ લગાવીને આપઘાત કરી લીધો હતો. અજય ગોસ્વામી ગઈકાલે સાંજે સવા ચાર વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બિમારીને પગલે દાખલ થયો હતો. સિવિલ હોસ્પિટલના નવી બિલ્ડીંગમાં આવેલા વોર્ડ નંબર ૮૦૧ ખાટલા નંબર ૧૭ માં દાખલ અજય ગોસ્વામીએ વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં હોસ્પિટલના આઠમાં માળેથી પડતું મૂકયું હતું. આઠમાં માળેથી નીચે પટકાયેલા અજયના ધડાકા સાથે આવેલા અવાજથી ફફડી ઉઠેલા સિક્યુરિટી સુપરવાઈઝર સ્થળ પર દોડી ગયા હતા અને જોયું તો દર્દીએ આપઘાત કરી લીધો હોવાનું જણાવ્યું હતું. સિક્યુરિટી સુપરવાઈઝર એ તાત્કાલિક હોસ્પિટલ સત્તાવાળાઓને જાણ કરી પોલીસને બોલાવી લીધી હતી. આ ઘટનાની જાણ થતાં અન્ય દર્દીઓને અને તેમના સગા-વ્હાલાઓનુ ટોળું પણ એકત્ર થઈ ગયું હતું અને હોસ્પિટલમાં સન્નાટો છવાઈ ગયો હતો. સેકટર-૭ પોલીસ મથકના પી.એસ.આઈ વી એન પ્રજાપતિ આ ઘટનાની જાણ થતાં તેમની ટીમ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા અને દર્દી અજય ગોસ્વામીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેના રહસ્યમય આપઘાતનું કારણ બહાર લાવવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે હોસ્પિટલ સ્ટાફ ઉપરાંત તેની આસપાસના બેડના દર્દીઓ અને તેના પરિવારના સભ્યોના નિવેદનો લઈ આપઘાતનું કારણ બહાર લાવવા પ્રયત્નો શરૂ કર્યા છે. જોકે હજુ સુધી અજય ગોસ્વામીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે બહાર આવી શક્યું નથી.

સરકારી વિનયન કૉલેજ, સેક્ટર -૧૫, ગાંધીનગર ખાતે તા.૨૨/૧૨/૨૦૧૮ને શનિવાર (માગશર સુદ પૂર્ણિમા, વિક્રમ સંવત : ૨૦૭૫) ના રોજ ૧૧ : ૦૦ કલાકે અખંડ ભારતના શિલ્પી ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો અનાવરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ માનનીય નરહરિ અમીનના વરદ હસ્તે પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તેમજ સરકારી વિજ્ઞાન કૉલેજના આચાર્ય ડૉ. કે.જી.છાયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ કૉલેજના ઈતિહાસ વિભાગની વિદ્યાર્થીની આચાર્ય મેઘલ દ્વારા સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડિયાએ સ્વાગત પ્રવચનમાં તમામને ઉમળકાભેર આ અવસરે આવકાર્યા હતા. મુખ્ય અતિથિ માનનીય નરહરિ અમીને પ્રતિમાનું અનાવરણ કરી પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલે દેશ અને સમાજની એકતા અને અખંડિતતા ટકાવી રાખવા માટે કરેલી નક્કર કામગીરીના કારણે જ ભારત દેશ આજે અખંડ છે. તાજેતરમાં કેવડિયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું નિર્માણ કરાવામાં આવ્યું છે તેની વિશેષતા અને મહત્વ વિશે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અને આભારવિધિ સંસ્કૃત વિભાગના પ્રો. ડૉ. માધવી ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક ભાઈ-બહેનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજની વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના કન્વીર ડૉ. આર.બી.કોઠારી અને આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

૩૧ ડિસેમ્બરની ડી.જે.પાર્ટીઓમાં પોલીસની બાજ નજર રહેશે

ગાંધીનગર,તા. ૨૩

૩૧ ડિસેમ્બરને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે નવા વર્ષને વધાવવા અને જુના વર્ષને બાય બાય કહેવા યુવા ધન થનગની રહ્યું છે. ત્યારે યુવાવર્ગ માટે ખાસ ખાનગી પાર્ટી પ્લોટ તેમજ ફાર્મ હાઉસો પર ખાનગી પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. ડી.જે.પાર્ટીઓમાં સલામતી સચવાય તે માટે સંચાલકોને પણ પોલીસે સુચના આપી દીધી છે. તો બીજી બાજુ ડી.જે.પાર્ટીમાં કોઈ વ્યકિત કેફી પીણું પીધેલી હાલતમાં અંદર ના જાય તે માટે બ્રીથ એનેલાઈઝર ફરજીયાત રાખવાનું કહેવામાં આવ્યું છે. અને કોઈ પણ વ્યકિત કેફી પીણું પીધેલી હાલતમાં જોવા મળે તો તાત્કાલીક પોલીસને જાણ કરવા પણ જણાવ્યું છે. જયારે ૩૧ મી ડિસેમ્બરના રોજ આયોજીત ખાનગી ડી.જે. પાર્ટીઓમાં મહિલાઓની સલામતી અને સુરક્ષાને ધ્યાને રાખીને ખાનગી ડ્રેસમાં મહિલા કોન્સ્ટેબલ પણ તૈનાત રહેશે. ખાસ કરીને ૩૧ ડિસેમ્બર થી ઉતરાયણના પર્વ સુધી દારૂ વિશેષ પીવાતો હોવાનું પોલીસનું આડકતરી રીતે માનવું છે. જેને પગલે ખાસ ડ્રાઈવ પણ જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા રાખવામાં આવી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા, દહેગામ તાલુકાના કેટલાક ફાર્મ હાઉસો પર પોલીસની બાજ નજર રહેશે. જયારે શહેરના તેમજ જિલ્લાના મુખ્ય માર્ગો પર પણ બ્રેથ એનેલાઈઝર લઈને પોલીસ જવાનો ખડેપગે ફરજ બજાવશે અને દરેક ગાડી ચાલકનું ચેકીંગ કરવામાં આવશે.

@ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો સે-૩-સી શકિત ચોક મંદિરમાં બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે.

દુઃખદ અવસાન

ગાંધીનગર શહેરના સે-૫માં વસવાટ કરતાં વિષ્ણુભાઈ ગોકળદાસ પંડયા (ડાકોરવાળા)નું તાજેતરમાં દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદગતનું બેસણું તા. ૨૪ ડિસેમ્બરને સોમવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન ભુવનેશ્વર મહાદેવ મંદિર હોલ ખાતે રાખવામાં આવ્યું છે.

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા સ્પેશ્યિલ બાળકો-વ્યકિતઓ માટે સરલા દવેના લાઈવ ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા નૂતન વર્ષ ૨૦૧૯ના સ્વાગત માટે ખાસ કાર્યક્રમ ઉજવણી ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૩૦મી ડિસેમ્બર રવિવારે સાંજે ૪ કલાકે સે-૧૬માં રંગમંચ ખાતે સ્પેશિયલ બાળકો તથા વ્યકિતઓ સાથે લાઈવ ગરબા યોજાશે.

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી થર્ટી ફર્સ્ટની ઉજવણી શહેરની વિવિધ સંસ્થાઓના દિવ્યાંગ બાળકોનો ટેલેન્ટ શૉ યોજીને કરવામાં આવતી હતી. આ વર્ષે ઉજવણી ૨૦૧૮ અંતર્ગત સ્પેશિયલ બાળકો અને વ્યકિતઓ એટલે કે મનોદિવ્યાંગ બાળકો અને વ્યકિતઓ સાથે લાઈવ ગરબાનું આયોજન કરાયું છે. જેમાં જાણીતી ગરબા ગાયિકા સરલા દવે ગરબાની રમઝટ જમાવશે. આ કાર્યક્રમનો હેતુ નવા વર્ષની ઉજવણી સમાજના મનો દિવ્યાંગ વર્ગ સાથે કરી તેમના ચહેરા પર પણ ખુશીનું સ્મિત રેલાવવાનો છે. આ કાર્યક્રમને માણવા શહેરના નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કોલવડાની સીમમાં ઝુંપડપટ્ટી ઉભી કરાશે તો ખેડુતો ઉગ્ર આંદોલન કરશે

રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના ખેડુતો વાયબ્રન્ટમાં કાળા વાવટા ફરકાવી વિરોધ નોંધાવશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં શ્રમિકો માટે રહેણાંક વિસ્તાર ઉભો કરાયો છે. જેમાં શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. આ સ્થળ કોલવડા ગામની સીમમાં આવેલ છે. ત્યારે જે તે સમયે ખેડુતોએ વિરોધ પણ નોંધાવ્યો હતો. જયારે હાલના સમયે સરકાર દ્વારા રેઈન બસેરા બનાવવાની વાત કરી રહી છે. ત્યારે તંત્ર દ્વારા આ શ્રમિકો રહે છે તેની આસપાસની જગ્યા પસંદગી કરી રહી હોય તેમ ખેડુતોને લાગી રહ્યું છે. અગાઉ ઝુંપડા ધારકો માટે સરકારી ફાજલ જમીન પર રહેણાંક મકાનો બનાવાયા છે. જો કોલવડા ગામની સરકારી ફાજલ જમીન પર સરકારી તંત્ર દ્વારા ઝુંપડા ધારકો માટે રહેંણાંક વિસ્તાર ઉભો કરાશે તો આગામી વાયબ્રન્ટ સમિટમાં ખેડુતો કાળા વાવટા ફરકાવીને વિરોધ નોંધાવશે. અત્યારે હાલના સમયે સરકાર દ્વારા વિવિધ કંપનીઓ, સંસ્થાઓને મહામુલી જમીન સસ્તામાં પધરાવી રહી છે. ત્યારે હજુ સુધી કેટલાક અસરગ્રસ્ત ખેડુતોને લાભથી પણ વંચિત છે.

ખેડુતોના પ્રશ્ને વારંવાર રજુઆત કરવા છતા તંત્રના બહેરા કાને ખેડુતોનો અવાજ સંભળાતો નથી. ત્યારે સરકારી ફાજલ જમીન પર દબાણો પણ વધી ગયા છે. ત્યારે કોલવડા ગામની સીમમાં શહેરના સેકટરોમાં ઠેરઠેર રહેતા ઝુંપડા ધારકો માટે તંત્ર દ્વારા રેઈન બસેરા બનાવવાનું વિચારાઈ રહ્યું હોવાનું જાણવા મળતા ખેડુતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. તેમનું કહેવું છે કે જો કોલવડા ગામની સીમમાં શ્રમિકો માટે રહેણાંક વિસ્તાર ઉભો થશે તો ખેડુતો વાયબ્રન્ટ સમિટમાં કાળા વાવટા ફરકાવીને વિરોધ પ્રદર્શીત કરશે.

સંત રોહિદાસ સેવા સમાજના હોદેદારોની વરણી કરાઈ

રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરની વર્ષ ૨૦૧૮-૧૯ની કારોબારી સભ્યો અને હોદેદારોની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે શાંતિલાલ ગણપતરામ પટેલ, મંત્રી તરીકે પી.ટી.અમીન, ખજાનચી તરીકે ગોંવિદભાઈ મોહનભાઈ રાઠોડ, ઉપપ્રમુખ તરીકે કનુભાઈ એ પરમાર, બિપિનકુમાર સોલંકી, તેમજ સહમંત્રી તરીકે પરેશભાઈ કે પરમાર, સુરેશકુમાર પરમાર, કોષાધ્યક્ષ તરીકે ચંદ્રકાંત.ડી.વાઘેલા, સંગઠન મંત્રી તરીકે રમેશભાઈ આઈ સોલંકી, સાંસ્કૃતિક અધ્યક્ષ ચિરાગકુમાર ટી પરમાર, અને મહિલા અધ્યક્ષ તરીકે જશીબેન કે પરમારની વરણી કરાઈ છે. નવનિયુકત પ્રમુખ અને તમામ હોદેદારોને સૌ સભ્યોએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

સે-૩૦ સર્કલ પાસેથી રાત્રે કોઈ આખે આખી લારી ઉઠાવી ગયું

ગાંધીનગર, તા. ૨૩

પાટનગરમાં ઘરફોડ ચોરીઓ વધી ગઈ છે તે ઉપરાંત વાહનચોરોએ માજા મૂક્યા બાદ હવે તો શહેરમાં લારી ગલ્લાઓ પણ સુરક્ષિત ન હોવાનું જાણવા મળી રહ્યું છે. સેક્ટરોમાં પડેલા લારી ગલ્લાઓના તાળા તોડીને અંદર થી પાન બીડીના પેકેટ ઉપરાંત પરચુરણની ચોરી થતી હતી તે તો સામાન્ય વાત થઈ ગઈ છે. હવે તો ચોરો આખેઆખા લારી-ગલ્લા જ ચોરી કરવા લાગ્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સર્કલ પાસે બોરીજનાં એક યુવાનને પાણીપુરીની લારી ઊભી રહેતી હતી. પાણીપુરીનો ધંધો કરીને આ યુવાન લારી ત્યાં જ મૂકીને ઘરે જતો હતો અને બીજા દિવસે ફરી આ સ્થળે ધંધો કરવા આવી જતો હતો. બે દિવસ અગાઉ રાત્રી દરમિયાન કોઈ ચોરો તેની આ પાણીપુરીની લારી ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હોવાની ઘટના બનવા પામી હતી. સવારે આ યુવાન તેની લારી પાસે ગયો ત્યારે જોયું તો આખેઆખી લારી જ ગાયબ હતી. ચોરીની ફરિયાદ કરવા આ યુવાન પોલીસ સ્ટેશન પહોંચ્યો ત્યારે પોલીસે તેની અરજી લઈ સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું કે રાત્રી દરમિયાન ટેમ્પો લઈને ચોરો આવ્યા હતા અને પાણીપુરી ચોરી કરીને ટેમ્પોમાં ભરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે અરજી લીધા બાદ સીસીટીવી ફૂટેજના આધારે ટેમ્પોના ચાલક સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે જોકે હજુ સુધી કોઈ પકડાયુ નથી.

‘થર્ટી ફર્સ્ટ’ના ‘હેન્ગ આઉટ’ને ‘ક્રેશ’ થતા બચાવશે ‘ફેમિલી અપડેટ’

રાજ્યના પોલીસવડાએ પરિપત્રમાં લખવું પડયું છે કે ‘થર્ટી ફર્સ્ટ અને ઉત્તરાયણમાં સૌથી વધુ ‘ડ્રિન્કસ’ લેવાય છે’ : ‘પાર્ટી’ એટલે ‘પીવું’ તે અર્થ હવે બદલવો જરૂરી : સમાજનો કેટલોક યુવા વર્ગ નવી રાહ ચિંધી રહ્યો છે

ગાંધીનગર, તા.૨૩

શું વાત કરો છો? તમે થર્ટી ફર્સ્ટની ડીજે પાર્ટીમાં નથી જતા? તો શું ઘરે જ ‘વ્યવસ્થા’ કરો છો કે બીજે કયાંક? અમને કહો તો અમે પણ તમારી સાથે જ ‘જોઈન’ કરીએ. આ પ્રકારના સંવાદો અંગ્રેજી વર્ષના અંતિમ સપ્તાહમાં સાંભળવા મળે છે, કારણ કે હવે ‘થર્ટી ફર્સ્ટ’ની પાર્ટી કરવી એ તો જાણે અનિવાર્ય બની ગયું હોય તેવી માનસિકતા સમાજમાં ઘર કરતી જાય છે. આ સ્થિતિમાં ‘ડોશી તો મરી જ ગઈ છે પરંતુ જમડા નવા નવા ઘર ભાળી જવા લાગ્યા છે.’ જો કે આ સ્થિતિમાં એક આશાનું કિરણ એ પણ દેખાઈ રહ્યું છે કે નવી પેઢીનો કેટલોક વર્ગ હવે કંઈક ‘અલગ’ કરવાની વેતરણમાં સમાજના વંચિતો કે દિવ્યાંગો અથવા વૃધ્ધાશ્રમોના વડિલો કે જરૂરિયાતમંદો માટે ઉજવણીના ‘સેવાકીય’ આયોજનો તરફ વળ્યો છે જે એક સારી નિશાની છે. જો કે આ બધી લ્હાય મૂઈ પેલા સોશ્યલ મિડીયા પર ‘અપડેટ’ કરવાની છે જેના લીધે ઘણા બગડી રહ્યાં છે તો સામે કેટલાંક ‘સુધરી’ પણ રહ્યા છે.

આજના યુગનું જીવન સતત મોંઘવારીને નાથવા સાથે જમાના સાથે કદમ મિલાવવાની હોડમાં

પેદા થતા માનસિક તણાવથી ખદબદી રહ્યું છે અને જીવનમાં ‘ઉત્સવ’ હંમેશા તણાવ મુકત થવા માટે ‘સેફટી વાલ્વ’નું કામ કરતા આવ્યા છે. પાશ્ચાત્ય પવનની અસરમાં ઉત્સવે હવે પાર્ટીનું સ્વરૂપ ધારણ કર્યું છે અને હવે વાતવાતમાં ‘પાર્ટી’ કરવી એ સામાન્ય બનતું જાય છે. થોડા વર્ષ પૂર્વે પરિવારોમાં જયાં માત્ર બર્થ ડે પાર્ટી જ એક માત્ર પાર્ટી હતી તેના બદલે હવે ડગલેને પગલે પાર્ટી જેવી કે એનિવર્સરી પાર્ટી, પ્રમોશન પાર્ટી, ન્યુ વ્હીકલ પાર્ટી, ન્યુ હોમ પાર્ટી, એન્ગેજમેન્ટ પાર્ટી, બેચલર્સ પાર્ટી, ફેરવેલ પાર્ટી, ફેશર્સ પાર્ટી, રીયુનિયન પાર્ટી, રીક્રિએશન પાર્ટી, કોર્પોરેટ પાર્ટી, કીટી પાર્ટી, એચિવમેન્ટ પાર્ટી.. જેટલી અધધ પાર્ટીઓની ભરમાર જોવા મળે છે. કેટલો વર્ગ તો તેથી પણ આગળ વધીને રેવ પાર્ટી, હેન નાઈટ પાર્ટી અને પાર્ટનર એકસચેન્જ જેવી પાર્ટીઓની બદીઓમાં ફસાઈ રહ્યો છે. વળી દરેક પાર્ટીમાં ડાન્સ અને ડ્રિન્કસ જાણે હવે અનિવાર્ય બનતા જાય છે, એટલે સુધી કે હવે નાના બાળકને પણ પુછો તો એને પણ ખબર હોય છે કે ‘પાર્ટી’ એટલે દારૂ-બિયર ડ્રિન્કસની પાર્ટી.

એમાં પણ જયારે વાત નવા વર્ષની પાર્ટીની કે થર્ટી ફર્સ્ટની પાર્ટીની થાય ત્યારે નામ સાથે આંખમાં ‘બોટલ’નું દૃશ્ય ઉભરી આવે છે. આ પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી ચુકી છે કે ગુજરાત જેવા ‘ડ્રાય સ્ટેટ’ના પોલીસ વડાએ બહાર પાડેલા પરિપત્રમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવો પડયો છે કે ‘થર્ટી ફર્સ્ટ અને ઉત્તરાયણમાં સૌથી વધુ દારૂ પીવાય છે.’ અને તેથી આ સમયે ‘ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ’ પકડવા બ્રેથ એનેલાઈઝર વાપરવાની સૂચનાઓ આપવી પડે છે. જો કે શ્વાસમાં ગંધ સુધી પહોંચી ગયેલા દારૂને અડ્ડા પરથી જ પકડી લેવા પોલીસ તંત્ર અસરકારક ડ્રાઈવ કેમ નથી કરતું તે સમજાતું નથી.

અંગ્રેજી કેલેન્ડર મુજબ ભણીને ઉછરેલી નવી પેઢીને અંગ્રેજી વર્ષના પ્રારંભનો મહિમા સ્વાભાવિક રીતે જ વધુ લાગે છે અને ગ્લોબલાઈઝેશનના વાયરામાં સોશ્યલ મિડીયાના સથવારે થતા આંધળા અનુકરણ પાર્ટી સાથે અનેક બદીઓ આપતું જાય છે અને હોટલ રિસોર્ટ વગેરેમાં શરબતની જેમ પીસાતા દારૂ-બિયરનું કલ્ચર હવે તો છોકરીઓ કે મહિલાઓને પણ ‘સામાન્ય’ લાગી રહ્યું છે. પરંતુ મેટ્રોપોલીટન કલ્ચરના ચકકરમાં એન્જોયમેન્ટ કયારે એયાશીમાં અને પછી મુશ્કેલીમાં ફેરવાઈ જાય છે તેનું ભાન સુધ્ધાં ના રહે ત્યારે નૈતિક અધઃપતન સિવાય કશું રહેતું નથી જે માત્ર અને માત્ર નવા તણાવ ઉભા કરે છે. વેસ્ટર્ન કલ્ચરની જેમ હવે પાચં દિવસ કમાઓ અને વીક એન્ડમાં ‘જલ્સા’ કરોની વધતી જતી વૃત્તિને યુવાધન ‘પીવાને’ હેબિચ્યુઅલ સમજતું થયું છે. આ વાતનું તાજું ઉદાહરણ એ છે કે ગાંધીનગરની એક યુવતિએ ઘરમાં બેસીને પીવાને બંધારણીય અધિકાર ગણી તેની ‘છૂટ’ આપવાની માંગ કરતી પીઆઈએલ હાઈકોર્ટમાં કરી છે. હવે તો તમાકુ કે સિગારેટના પેકિંગ પર પણ લખાતું ‘સ્વાસ્થ્ય માટે હાનિકારક’ જેમ હાસ્યાસ્પદ સાબિત થઈ રહ્યું છે તે રીતે થર્ટી ફર્સ્ટમાં ‘ડ્રિન્કસ’ ના કરવું ગણાઈ રહ્યું છે. પાર્ટી ચા-નાસ્તાની પણ હોઈ શકે છે. ડ્રિન્કસ જરૂરી નથી જે યુવાનોના મન અને નાણાં બંનેનો વ્યય કરે છે અને વાત સમાજનો કેટલોક યુવા વર્ગ સમજી ચુકયો છે તે આવકારદાયક બાબત છે. આ વર્ગ હવે ‘સેવા’ થકી ઉજવણી કરી નવી દિશા ચિંધી રહ્યો છે. જો કે આ વર્ગ હજુ ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળે છે પરંતુ એક સારી શરૂઆતનાં એંધાણ જરુર આપે છે.

કોઈ પણ તહેવાર હવે ‘ફેસ્ટિવલ પાર્ટી’ તરીકે ચગાવી પોતાના વેપાર ધંધા ચલાવવા એ માત્ર હોટેલ-રિસોર્ટ વગેરે માટે જ નહી પરંતુ લગભગ દરેક ધંધા વ્યવસાય માટે એક પ્રોફેશનલ જરૂરિયાત બનતી જાય છે. હિટ ફિલ્મોમાં બતાડાતા દૃશ્યોથી યુવા વર્ગ પ્રભાવિત થઈને તેની નકલ કરવા પ્રેરાય છે તેથી તે પ્રકારના પધ્ધતિસર આયોજનો કરવામાં આવે છે પરંતુ આ સમયે સાચા ખોટાના ભેદને સમજવાનો વિવેક સંતાનોમાં કેળવવાની જવાબદારી પરિવાર અને સમાજની બને છે. સરકારી તંત્ર તો રાજકીય ઈશારે તેટલું જ કામ કરશે પરંતુ સંસ્કૃતિ તંત્રને સાચવીને ‘અપડેટ’ કરવું પડશે નહીં તો છાશવારે ‘હેન્ગ આઉટ’ થઈ રહેલી પેઢી કયારે ‘ક્રેશ’ થઈ જશે તે ખબર નહીં પડે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com